Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.



પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

આત્મ સંવત ૯૨ માગશર પુસ્તક : ૮૪
વીર સંવત ૨૫૧૩ ડીસેમ્બર અંક : ૨
વિક્રમ સંવત ૨૦૪૩ ૧૯૮૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | લબ્ધિનિધાન ગૌતમસ્વામી | શ્રીમતી મધુબેન નવીનચંદ્ર શાહ | ૧૭ |
| ૨ | ધર્મ સ્વાતંત્ર્યની ઝલક | પં. શ્રી શીલચંદ્રવિજયજી | ૨૦ |
| ૩ | ઉત્કૃષ્ટ ભાવના | ચિંતક પૂ. આ શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ. | ૨૫ |
| ૪ | "સ્યાદ્‌વાદ" "જૈન ધર્મની જગતને એક મહાન ભેટ" | હરેશ અ. જોશી | ૨૭ |
| ૫ | "ધર્મલાભ" સુલસાને જ શા માટે? | બળવંતરાય પી. મહેતા | ૨૯ |
| ૬ | અહંકાર | શ્રી રતિલાલ માણેકચંદ શાહ | ૩૧ |


## આ સભાના નવા આજીવન સભ્ય

**(૧) શ્રી કુમારપાળ ભોગીલાલ શાહ ભાવનગર**

## સાભાર--સ્વીકાર

"GUIDELINES OF JAINISM" કર્તા શ્રી ભદ્રબાહુ વિજય. પ્રકાશક **શ્રી વિશ્વ-કલ્યાણ પ્રકાશન** ટ્રસ્ટ, કંબોઈનગર પાસે, મહેસાણા ૩૮૪ ૦૦૨. (ગુજરાત) મૂલ્ય રૂા ૧૦/૦૦ પૃષ્ઠ : ૧૮૦.

**નલ દમયન્તી** ભાષા હિન્દી લેખક પૂ પ. શ્રી પૂર્ણાનંદવિજયજી (કુમારશ્રમણ) પ્રકાશક : સંઘવી જગજીવનદાસ કસ્તુરચંદ શાહ. પોસ્ટ મુ. સાઠંબા (સાબરકાંઠા ગુજરાત) પીન કોડ ૩૮૩ ૩૪૦. મૂલ્ય : ૧/૫૦ પૈ.

# સમાચાર

## વિજ્ઞાનના અસત્યો/અર્ધસત્યો સામે પડકાર ફેંકનાર પૂજય પંન્યાસ પ્રવર શ્રી અભયસાગરજી મહારાજશ્રીનો કાળધર્મ

પૂજય પંન્યાસ પ્રવરશ્રી અભયસાગરજી મહારાજ કારતક વદ ૯ના ઊંઝા મુકામે બાસઠ વર્ષની વયે અણધાર્યા આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે....તેઓશ્રીની વિદાયથી સમગ્ર જિન શાસનને ન પૂરી શકાય એવી ખોટ પડી છે.


સાધુ સમાજમાં જ્યારે જ્ઞાન અને ચરિત્ર નબળા પડતા જાય છે ત્યારે અદ્‌ભુત જ્ઞાનોપાસના અને અપૂર્વ ચારિત્રનું આરાધન કરનાર આ મહાપુરુષથી વિદાયથી સંઘ અને શાસન રાંક બનેલ છે.... આગમોનું અધ્યયન જ્યારે ઓછું થતું જાય છે ત્યારે આગમતના પ્રખર અભ્યાસી એવા પૂજ્યશ્રીની વિદાયથી સંઘને એક નિષ્ણાંત આગમવિશારદની પણ ખોટ પડી છે.

પાલીતાણા ખાતે 'જંબૂદ્વીપ'ના રચના દ્વારા વૈજ્ઞાનિકોને પણ પૃથ્વી, સૂર્ય ચંદ્રના વિષયો પરત્વે વિચાર કરતા કરી મૂકનાર તેઓ એકમાત્ર જૈન સાધુ હતા.

(અનુસંધાન ટાઈટલ પેજ ૨ ઉપર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૪ ] ● વિ. સં. ૨૦૪૩ માગશર : ડીસેમ્બર-૧૯૮૬ ● [ અંક : ૨

# • લબ્ધિનિધાન ગૌતમસ્વામી

• શ્રીમતી મધુબેન નવીનચંદ્ર શાહ

[ આ વર્ષે શ્રી ગૌતમસ્વામીનું ૨૫૦૦મી નિર્વાણ જયંતિનું વર્ષ હોઈ, પ્રસ્તુત લેખ વાંચકોને ઉપયોગી બનશે. ]

વીર વજીર વડા અણગાર, ચૌદ હજાર મુનિ શિરદાર,
જયતા નામ હોય જયકાર, જયો જયો ગૌતમ ગણધાર.
જ્ઞાનબલ તેજ ને સકલ સુખ સંપદા, ગૌતમ નામથી સિદ્ધિ પામે,
અખંડ પ્રચંડ પ્રતાપ અવનિમાં, સુરનર જેહને શીશ નામે.

જેના પગલે પગલે કલ્યાણની ફુલવેલ વિસ્તરે અને કરુણા અને વાત્સલ્યનાં અમી છાંટણા નિરંતર થતાં રહે, અંતરની નિર્મળતા એજ જેનું ધ્યેય છે, જેમણે અહિંસા સંયમ અને તપમય ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલરૂપ છે, એમ જાણી તેની સાધના કરી છે એવા શ્રેષ્ઠ સાધક, સિદ્ધ મહાપુરૂષ અને પ્રાતઃ સ્મરણીય ધર્મ પુરૂષનું પુણ્ય સ્મરણ કરી તેમની સ્તુતિ કરીએ.

અંગુઠે અમૃત વસે લબ્ધિતણા ભંડાર,
તે ગુરુ ગૌતમ સમરીએ વાંછિત ફળ દાતાર.

ભગવાન મહાવીર સ્વામીના અગ્યાર ગણધરોમાં ગુરુગૌતમ સ્વામી પ્રથમ ગણધર હતા. તેમનું જન્મ સ્થાન મગધદેશનું ગોબર ગામ. પિતાનું નામ વસુભૂતિ અને માતાનું નામ પૃથ્વી માતા. તેઓ બ્રાહ્મણ હતા. અને તેઓનો મુખ્ય વ્યવસાય વેદવિદ્યા અને યજ્ઞકર્મ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક વખત સોમિલ નામના બ્રાહ્મણે યજ્ઞ કર્યો હતો અને તેજ વખતે ભગવાન મહાવીરે ધર્મ સભા રચી, તે વખતે આકાશમાંથી દેવદેવીઓ મહાવીર સ્વામીની ધર્મ સભામાં આવ્યા. તેવું વાતાવરણ જોઇને ઇન્દ્રભૂતિ ગૌતમ પણ ભગવાન મહાવીર પાસે પધાર્યા.

ભગવાન મહાવીર સ્વામીએ વાત્સલ્ય નીતરતી વાણીથી ગૌતમ સ્વામીનું નામ બોલીને આવકાર્યા. તેનું સ્વાગત કર્યું. અમર આત્મતત્વના અસ્તિત્વ વિષેનો તેનો સંદેહ દૂર કર્યો, અને આત્મતત્વનો સાક્ષાત્કાર કરવા ઉદ્યમ કરે તેમ સમજાવ્યું. તેથી ઇન્દ્રભૂતિ ગૌતમ સદાને માટે કલ્પવૃક્ષ સમાન સર્વજ્ઞ, સર્વદર્શી, સમભાવી ભગવાન મહાવીરના ચરણોમાં ૫૦૦ શિષ્યો સહિત જોડાયા. વૈશાખ શુદ અગ્યારસને દિવસે ગૌતમ સ્વામીએ દીક્ષા લીધી અને ત્યારથી જીવન સાધના અને શાસન પ્રભાવના એજ એનુ જીવન કાર્ય બન્યું.

ગૌતમ સ્વામીનો જીવ ઘણા આગલા પૂર્વ ભવે મરીચિનો શિષ્ય કપિલ નામે હતો. તે સમયે પણ એકબીજા પ્રત્યે ખૂબજ આદરભાવ હતો. ત્યારપછી ભગવાન મહાવીરના અઢારમે ભવે ત્રિપૃષ્ટ વાસુદેવ અને સારથિરૂપે ફરી મળ્યા. ત્રિપૃષ્ટ વાસુદેવે જ્યારે સિંહને માર્યો ત્યારે સારથિએ તે સિંહને પ્રભુનું નામસ્મરણ સંભળાવ્યું હતું. તેથી તે સિંહનો જીવ ખેડૂત ગૌતમસ્વામી પ્રત્યે રાગવાળો થયો અને મહાવીર સ્વામીને જોઇને તેના પ્રત્યે દુર્ભાવ થવાથી સાધુનો વેશ ઉતારી જતો રહ્યો.

ગૌતમસ્વામી સાચા મુમુક્ષુ હતા. મહાવીર પ્રભુનું ધર્મતીર્થ પામીને એક ક્ષણનો પણ દુરુપયોગ કર્યો નહતો. ઉગ્રતપસ્વી, દીપ્તતપસ્વી, નૈષ્ઠિક બ્રહ્મચર્ય વિ. ગુણોમાં તેને સ્તવવામાં આવ્યા છે, સ્વભાવે સરળ, ભદ્રિક અંતઃકરણ, વિનમ્રતાની અને વિવેકશીલતાની મૂર્તિ મધુર અને કલ્યાણકારી વાણી. તેની નામના ચોમેર લબ્ધિઓના ભંડાર તરીકે વિસ્તરી રહી.

તેમણે છઠ્ઠને પારણે છઠ્ઠ ૩૦ વર્ષ સુધી કર્યાં. અને અનેક લબ્ધિઓ મેળવી.

અંગુઠામાં એવું અમૃત વસેલું કે જે વસ્તુઓનો સ્પર્શ થતો તે અખૂટ બની જતી. તેઓ લબ્ધિઓના ભંડાર રૂપ બનીને દુઃખી રોગી જીવોના આધારરૂપ અને અશરણના શરણરૂપ બની ગયા. અને એમનું નામ મંગલકારી બની ગયું આમ છતાં ઋદ્ધિ સિદ્ધિ અને લબ્ધિના ભંડાર ગુરુ ગૌતમસ્વામીનું ધ્યેય એકજ હતું કે હું ક્યારે પૂર્ણ વીતરાગ બનું અને ક્યારે મને મુક્તિ મળે.

આદર્શ શિષ્ય આદર્શ ગુરુ.

ભગવાન મહાવીર કાયા હતા. ગુરુ ગૌતમ છાયા હતા. ગૌતમને જ્ઞાન ઘણું હતું. વયમાં ભગવાનથી મોટા હતા. છતાં પ્રભુ આગળ તેઓ બાળક બની જતા. તેથી જ્યારે ગુરુ ગૌતમ પ્રશ્ન પૂછતાં ત્યારે બહુ દૂર પણ નહિ, બહુ નીકટ પણ નહિ અને નીચુ મુખ રાખી નમ્રાતિનમ્ર ભાવે રહેતા. દિલભર દિલનો સિદ્ધાંત :-ભક્તિ વાવો તો ભાવના મળે. ગુરુ ગૌતમ અને ભગવાન મહાવીરનો ગુરૂ શિષ્ય તરીકેનો આ છેલ્લો ભવ હતો. મરણ પછી નિર્વાણ પામી સિદ્ધક્ષેત્રમાં રહેવાવાળા હતા.

ગુરુ ગૌતમ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન એ ચારજ્ઞાન ધરાવતા હતા. તેઓને કેવળજ્ઞાન અને મોક્ષ મેળવવાની ઉત્કટ ઝંખના હતી.

એક દિવસ મહાવીરે પોતાની ધર્મદેશનામાં અષ્ટાપદ પર્વત મહિમા વર્ણવતાં કહ્યું કે જે સાધક પોતાની લબ્ધિના બળે અષ્ટાપદ ઉપર જઇ ત્યાં રહેલા જિનબિંબોને વંદના કરી એક રાત્રિ ત્યાં રહે તે મોક્ષનો અધિકારી બનીને તેજ ભવમાં મોક્ષને પામે છે. તેથી ગુરુ ગૌતમ અષ્ટાપદની યાત્રા માટે રવાના થયા. તેઓ આકાશમાં ગમન કરવાની લબ્ધિથી અષ્ટાપદની તળેટીમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પહોંચ્યા. અષ્ટાપદ ઉપર રાત વિતાવી સવારે પર્વત ઉપરથી નીચે ઉતરતાં ૧૫૦૩ તાપસોને પોતાની અક્ષીણ મહાનસી લબ્ધિથી ક્ષીરથી પારણું કરાવ્યું. તે બધા તાપસોને કેવળજ્ઞાન થયું પણ પોતે રહી ગયા. તેનો શોક પોતાના હૃદયને સતાવી રહ્યો હતો. એક વખતે ભગવાને આશ્વાસન આપી કહ્યું કે :- ગૌતમ, તારી ગુરુ તરફની આસક્તિ ભરી ભક્તિ, એ તમારા ઘાતી કર્મોના નાશની આડે આવે છે. અને તારા કેવળજ્ઞાનને અને મોક્ષને રોકી રહેલ છે. મોહના અંશથી ભરેલી આ નાની સરખી ગાંઠ છૂટી જશે એટલે તત્કાળ તને કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત થશે-અને ભગવાને એક પળ માત્ર પણ પ્રમાદ ન કરવાનું ગૌતમને સમજાવ્યું.

ભગવાન મહાવીરે જોયું કે પોતાનો નિર્વાણ સમય પાસે આવી રહ્યો છે અને ગૌતમને હજી કેવળજ્ઞાન થયુ નથી તેનું કારણ પણ ભગવાન જાણતા હતા કે પોતાના પ્રત્યેનો રાગ હતો. તેથી ભગવાન મહાવીરે ગુરુ ગૌતમને પોતા પાસેથી દૂર કર્યા. તેણે ગૌતમને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરવા મોકલ્યા. પાછા ફરતા સાંભળ્યું કે મહાવીર પ્રભુ નિર્વાણ પામ્યા છે તેથી તેને ખૂબજ વેદના થઇ, આઘાત લાગ્યો, ખૂબજ મંથન કરતાં તેને સાચું સમજાયું અને કેવળજ્ઞાન થયું.

ત્યાર પછી બાર વર્ષ પોતે ગામ નગરમાં વિચરીને ધર્મની પ્રભાવના કરતા રહ્યા અને અનેક આત્માનો ઉદ્ધાર કરતા રહ્યા છેલ્લે ૯૨ વર્ષની વયે એક માસનું અણસણ કરી વૈભારગિરિ પર નિર્વાણ પામ્યા.

સૈકે સૈકે જેની કીર્તિ ગાથાઓ રચાતી ગવાતી રહી છે અને સર્વે શુભ કાર્યોમાં સદા સ્મરણીય અને પૂજનીય મનાતા રહ્યા છે એ ભગવાન મહાવીરના એ અનન્ય સેવકને કોટીકોટી વંદન.

**समयं गोयम! मा पमायए।**

**कुसग्गे जह ओसबिंदुए थोवं चिट्ठइ लंबमाणए।**
**एव मणुयाण जीवियं समयं गोयम! मा पमायए॥**

દર્ભના અગ્રભાગ ઉપર પડેલું ઝાકળનું બિંદુ જેમ ક્ષણવાર જ રહી શકે છે તેમ મનુષ્યના જીવનનું સમજવું. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર.

**एवं भवसंसारे सुभासुभेहिं कम्मेहिं।**
**जीवो पमायबहुलो समयं गोयम! मा पमायए।**

શુભાશુભ કર્મોને કારણે પ્રમાદબહુલ જીવ આ પ્રમાણે ભવરૂપી સંસારમાં ભ્રમણ કરે છે માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર.

**धम्मं पि हु सद्दहंतया दुल्लभया काएण फासया।**
**इह कामगुणेसु मुच्छिया समयं गोयम! मा पमायए॥**

ધર્મમાં શ્રદ્ધા કરવા છતાં તેને કાયાથી સ્પર્શ કરવો એટલે કે ધર્મનું આચરણ કરવું એ દુર્લભ છે. કેમકે આ જગતમાં જીવો કામભોગથી મોહિત થયેલા છે, માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર.

ઉત્તરાધ્યયન સૂત્ર
દસમું અધ્યયન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • ધર્મ સ્વાતંત્ર્યની ઝલક

• પં. શ્રી શીલચંદ્રવિજયજી

( ગતાંક પૃષ્ઠ ૧૦ ચાલુ )

**પ**કડી આણેલા કે ખરીદેલા ગુલામ ઉપર દયામાયા કરવી એ માનવ સભ્યતા માટે લાંછનરૂપ મનાતું. પોતે પાળેલાં પશુઓને સમયસર અને બરાબર ચારો ન નીરાય, તો રખેવાળની ખબર લઇ નાખનાર ગૃહસ્થો, નવાં આવેલાં ગુલામ ઉપર ધાક જમાવવા માટે, એને ખાવા પીવા જેવી અનિવાર્ય સગવડ પણ ન આપવાનું મુનાસિફ માનતા. અને છતાં એમની એ રીત સભ્યતામાં ખપતી. એ સભ્યતાનાં ચિહ્નરૂપે જ, રસોડે પહોંચતાંવેંત રસોયાએ હુકમ છોડયો: છોકરા! તું નાનો છે, નવો છે, એટલે તને વધુ મહેનતનું કામ આજે નથી સોંપતો પણ જો, આ પાંજરામાં પૂરેલાં પંખીઓને તારે હમણાં ને હમણાં હલાલ કરી નાખવાનાં છે. લે આ છરી અને થાળી. આજે રાજાજી માટે એની રસોઇ બનાવવાની છે. માટે ઝટઝટ બધું કામ પતાવી દે.

કઠોર શબ્દોમાં કહેવાયેવી કઠોર વાત, ભૂખ અને તરસથી શ્રમિત ધર્મરુચિના કાનમાં તીણી શૂળની માફક ભોંકાઇ. પણ એ ચૂપ રહ્યો. એણે મૂંગામૂંગા, રસોયાએ ચીંધેલા પાંજરાં તરફ નજર ફેરવી, તો એમાં, ઘડીકે કિલ્લોલ મચાવતાં પણ કોઇક માણસનો પદરવ થતાં જ ચીસાચીસ કરી મૂકતાં, ભોળાં, નિષ્પાપ કબૂતરાં, ચકલાં અને એવાં વિવિધ પંખીઓ એને જોવા મળ્યાં, એ સાથે જ એ ફફડી ઊઠયો. આ પંખીઓની હિંસાની કલ્પનાએ એનાં હાથપગ થરથરવા માંડયાં. આ.ખે આંસુનાં જાળાં રચાયાં, કપાળે પરસેવો બાઝી ગયો. એનું હૈયું મૂંગો ચિત્કાર કરી ઊઠયું: રે! એક માણસનું પેટ ભરવા ખાતર આ પંખીઓની હિંસા? નહિ, હું જીવું છું, હું અહીં હાજર છું ત્યાં સુધી આ શકય નહિ બનવા દઉં, ભલે પછી મારૂં જે થવું હોયતે થાય.

અને એનાં થરથર ધ્રુજતાં પગે મક્કમ ડગ ભર્યાં. પાંજરાં પાસે પહોંચીને એણે તારછી નજરે જોઇ લીધું કે રસોયો તો એને છરી, થાળી ને પાંજરૂ ભળાવીને પાછો પોતાનાં કામમા ગુંથાઈ ગયો હતો. આ તરફ એની નજર નહોતી. તરત જ એણે પાંજરાંનું તાળું ખોલવા હાથ લંબાવ્યો પણ એ સાથે જ એમાંનાં માસૂમ પંખીઓનાં ધમપછાડા અને મરણચીસોએ રસોડાને ગજવી મૂકયું. પંખીઓએ ધર્મરુચિના લંબાયેલા હાથમાં પોતાના જીવનનો અંત જોયો જાણે રે! એ મૂગા જીવોને કયાંથી ગમ પડે કે આ એમનો હત્યારો નહિ, પણ તારણહાર છે?

ધર્મરુચિએ ત્વરા કરી પંખીઓનો કોલાહલ રસોયાને ત્યાં ખેંચી લાવે. એ પહેલાં જ એણે પાંજરાંનું બારણું ખોલી નાખ્યું ખુલ્લું મૂકી દીધું. અને વળતી જ પળે ત્યાં નીરવતા છવાઇ ગઇ.

પણ એ નીરવતામાં પણ, ધર્મરુચિને તો જાણે વાજિંત્રોનો મંગલ નાદ સંભળાતો હતો. બારી વાટે ઊડીને દૂરના કોઈ વૃક્ષ ઉપર જઇ બેઠેલાં અને મુક્તિના કલરવ વડે વાતાવરણને ગજવી મૂકતાં એ પંખીઓને નિહાળીને, ધર્મરુચિના આંસુભીનાં પરિશ્રાંત મોં પર એક નવી જ ચમક ઊગી નીકળી. એની ભૂખ ને તરસ બધું જ શમી ગયું હોય એમ એ એક ખૂણામાં જઈને નિરાંતે હવે-પછી આવનારી આફતની રાહ જોતો બેઠો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**સમય થયો ને રસોયો પંખીઓનાં** કલેવર લેવા બહાર આવ્યો. જોયું તો છોકરો ખૂણામાં બેઠો બેઠો ઝોકાં ખાતો હતો, ને પાંજરૂં ખાલી પડયું હતું. એને થયું કે છોકરો છે તો ઝડપી અને ચોખ્ખો, કામ ઝટપટ પતાવી દીધું લાગે છે! પોતાનાં કર્કશ અવાજમાંની કરડાકીને એછી કરવાનો પ્રયત્ન કરતાં એણે પૂછ્યું: છોકરા ! પંખીઓ તૈયાર કરીને કયાં મૂકયાં ? લ વ.

'પંખીએ.નો તરફડાટ મારાથી ન ખમાયો એટલે મેં તો એને છોડી મૂ'યાં' થાકેલા ધર્મરુચિએ બેફિકરાઇથી જવાબ આપ્યો.

આ સાંભળતાં જ રસોયો તો લાલપીળો થઇ ગયો. એની આંખોમાંથી આગ ઝરવા માંડી અને મોંમાંથી તો શબ્દોને બદલે અંગારાં જ ખરવા શરૂ થઈ ગયા ન કહેવાનાં વચનોની ઝડી વરસાવીને છેવટે એણે કહ્યું: છોકરા આજે તો તું નવોસવો છે અને પહેલી જ ભૂલ છે, એટલે દયા લાવીને જવા દઉં છું. પણ ફરીવાર આવું કર્યું તો હવે જીવતો નહિ છોડું.

ધર્મરુચિ સમસમી ગયો. એનાં અંગેઅંગ એવાં તો શિથિલ થઈ ગયાં કે એ વગર શીયાળે પણ ધ્રુજવા લાગ્યો નિર્દય રસોયાએ એને માર્યો નહિ એટલો એનો ઉપકાર, બાકી તો એ બીજા દિવસની સવાર સુધી ભૂખ્યો ને તરસ્યો, નવકારનું રટણ કરતો, ઠુંગરાઈને ત્યાં જ પડયો રહ્યો શરીરની સુવાળપ અને કમજોરીને, એનાં મજબૂત મનોબળે જાણે મહાત કરી દીધી હતી.

બીજા દિવસની સવાર ઊગી, ને નિત્યક્રમ શરૂ થયો. એ જ રસોયો, એવું જ પાંજરૂં, એમાંનાં પંખીઓને હલાલ કરીને તૈયાર કરવાની એવી જ ક્રૂર આજ્ઞા અને લટકામાં 'કાલ જેવું કરીશ તો ભૂંડાં હાલ થશે' એ મતલબનાં અપશબ્દો.

વિચાર તો કરો, 'ઉત્કંઠિત શ્રોતાજનોનાં હૈયાંને હલાવી દે તેવો પ્રશ્ન આચાર્ય મહારાજે કર્યો,' કે એ બાળકની ત્યારે કેવી સ્થિતિ હશે ? એની ધર્મદૃઢતા અને સહિષ્ણુતા કેટલી તીવ્ર હશે? રે! સંસ્કારો તો આવાં હોય, જે આવી આપત્તિમાં પણ માર્ગચ્યુત ન થવા દે.

અને આ સંસ્કારો જ જાણે શબ્દદેહ લઇને આવ્યાં હોય એમ, ધર્મરુચિનાં મોંમાંથી, રસોયાની છાતીમાં વાગે તેવાં શબ્દો સરી પડયાઃ "આ પંખીઓને હું નહિ મારી શકું. તમારાથી થાય એ કરી લેજો."

લાગલો જ રસોયો તાડૂકી ઊઠયો. ધર્મરુચિને એણે ખૂબ ધમકાવ્યો, બીક બતાડી, ફોસલાવવાય પ્રયત્ન કર્યો. પણ વાહ રે ધર્મરુચિ ! ધન્ય તારી દૃઢતાને! એ એકનો બે ન થયો તે ન જ થયો. છેવટે કંટાળેલા રસોયાનો પિત્તો ફાટયો. 'ગુલામ તો ચાબુકનાં જ ઘરાક' એ સભ્યસમાજમાં પ્રચલિત ઉક્તિ એને યાદ આવી ગઈ હોય એમ એણે તો લીધી લાકડી ને મારપીટ શરૂ કરી. એની એક જ વાત હતી કે માનીજા અને ચીંધેલું કામ કરવા માંડ, નહિ તો અહીં તો મરી જઈશ, તો કોઈ રડનારૂંયે નહિ મળે, પણ ધર્મરુચિ ટસનો મસ ન થયો, એટલે એના પર લાકડીનો સિતમ પણ વધતો જ ગયો. પણ વધુ પડતો માર એનાથી ન વેઠાયો, ને એ ચીસ પાડી ઊઠયો. મોટેથી રડી પડયો. રે ! ગુલાબનું ફુલ ઘણનાં ઘા શી રીતે ખમી શકે?

રસોયો તો, શરીરમાં જલ્લાદનો પ્રવેશ થયો હોય એમ. ઝુડયે જ જતો હતો. ધર્મરુચિની ચીસોની કે રૂદનની એને મન કોઇ ગણતરી ન હતી. પણ, આ મારપીટનો અને ચીસાચીસનો અવાજ, પડખે જ, મહેલના ઝરૂખે ઊભેલાં રાજાને કાને પડી ગયો, એને એક અનુચરને પૂછ્યું: આ કોણ રડે છે? કયાં રડે છે? કેમ રડે છે? તપાસ કરો.

તપાસ કરીને અનુચરે રાજાને કહ્યું: સાહેબ! આપણો રસોયો એક ગુલામને ખરીદી લાવ્યો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. એ નાની ઉંમરનો કિશોર છે. રસોયાએ એને ચકલાં વગેરે પંખીઓને હલાલ કરવાનું કામ સોંપ્યું, તો એણે એ કામ કરવાની ના પાડી દીધી. ઊલટું, મહામહેનતે પકડી આણેલાં પંખીઓને એણે ઊડાડી મૂકયાં. એટલે રસોયો એને શિક્ષા કરે છે, એટલે રડારોળ કરી મૂકી છે, એનો આ અવાજ છે. પણ મહારાજ! છોકરો ગજબનો અડિયલ લાગે છે, રડતાં રડતાંય એ તો કહે છે કે મરી જવા તૈયાર છું, પણ પંખીઓને મારવાનું કામ તો નહીં જ કરું.

વિગત સાંભળીને રાજાનેય કુતૂહલ જાગ્યું. એણે હુકમ કર્યો: એ છોકરાને અહીં મારી પાસે હાજર કરો. જોઉં તો ખરો, કેવોક છે એ!

ધર્મરુચિ તો અધમૂઓ થયો જ હતો, પણ હવે તો રસોયોય થાકયો હતો, કંટાળ્યો હતો, ત્યાં જ રાજાનું તેડું આવ્યું, એટલે એણે રાજસૈનિકને ધર્મરુચિ ભળાવીને છૂટકારાનો દમ લીધો. પણ તોય એનાથી રહેવાયું નહિ તે એણે ચાલ્યા જતાં ધર્મરુચિ સામે દાંતિયા તો કર્યા જ કે બદમાશ છોકરા? બહુ ફાટયો છે ને? તે એનાં ફળ હવે ભોગવજે. એનાં એ ચાળાં જોઇને, એટલી પીડામાં પણ, ધર્મરુચિથી હસી પડાયું. અને ખરેખર, હઠાગ્રહીઓની મમત અને એ મમતપ્રેરિત ચેષ્ટાઓ હાંસીપાત્ર નથી હોતી?

ધર્મરુચિને તરત રાજા પાસે લઈ જવાયો. એના મનમાંય 'રાજા બોલાવે છે' એ સાંભળીને કંઈક આસાયેશ વળી હતી કે રાજા કદાચ મને આ બળાત્કારમાંથી છોડાવે! આ વિચારે રાજા પાસે પહોંચતાં જ એ રાજાના પગે નમી પડયો.

રાજાએ એને ઊભો કરીને સીધે સવાલ કર્યો: કેમ રે! રસોયાનું કહ્યું કેમ નથી માનતો? પંખીઓની હત્યા કેમ નથી કરતો?

સામાન્યતયા ભલભલો પ્રૌઢ માણસ પણ રાજા સાથે વાત કરતાં કે એનો પ્રતિવાદ કરતાં અચકાય જ પણ ધર્મરુચિએ તો ભારે કરી. એણે તો જાણે સામાન્ય માણસ સાથે વાત કરતો હોય એ અદાથી લાગલો જ જવાબ વાળ્યો: "મહારાજ! મેં કોઇ જીવની હત્યા ન કરવાનું વ્રત લીધું છે. એ વ્રતને પ્રાણના ભોગે પણ પાળવાની મારી પ્રતિજ્ઞા છે. કહો, હું એનો ભંગ શી રીતે કરૂં?"

રાજાને આ મુગ્ધ બાળકમાં રસ પડયો, એણે ધર્મરુચિની બુદ્ધિને નાણવાનો પ્રયાસ કર્યો: છોકરા! વ્રત અને પ્રતિજ્ઞા–એ બધું તો સ્વાધીન–સ્વતંત્ર માણસને માટે છે, પરાધીનને માટે નહિ. તું તો પરાધીન છે. તારે વળી વ્રત પ્રતિજ્ઞા કેવાં? તારે તો તારા શેઠ કહે એ જ વ્રત ને એ જ પ્રતિજ્ઞા. માટે આ બધું ધતિંગ છોડીને અમે કહીએ તે કરવા માંડ.

ધર્મરુચિએ નિર્ભીકતાથી કહ્યું: "પણ મહારાજ! 'હું પરાધીન છું' એનો અર્થ એ નથી કે મારા આત્માના પણ તમે માલિક છો. તમે મારા માલિક હો તો મારાં શરીરનું તમને ઠીક પડે તે કરી શકો. પણ મારા આત્માને તમે શું કરી શકવાના? એટલે એ રીતે તો હું સ્વાધીન જ છું. અને એટલે જ મારાં વ્રત-પ્રતિજ્ઞાનું પાલન કરવાને હું હકદાર જ નહિં, સમર્થ પણ છુ."

રાજા પણ પળભર તો મનમાં શેહ ખાઇ ગયો. મનોમન આટલા નાના કિશોરની દૃઢતા અને વાક્પટુતાની પ્રશંસા પણ એણે કરી લીધી. પણ એ ભાવો એણે મોં પર ન આવવા દીધા. એ તો ક્રોધથી ધમધમી ઊઠયો. એનાં ભવાં તો એવાં ચઢી ગયાં કે અનુસરો પણ ધ્રુજી ઊઠયા કે અરે રે, આ રાજા નક્કી ચિડાયો છે. હવે આ છોકરો ઘડીવારમાં હતો ન હતો થઈ જશે. અને ત્યાં જ રાજાનો સત્તાવાહી અવાજ છૂટયો: રે! જુઓ છો શું? જાવ, મીઠું પાયેલો ચાબુક લઈ આવો, ને આ નાદાન છોકરાને મારી સામે જ ફટકારો. હું પણ જોઉં કે એનાં વ્રત પછી કેવાં ટકે છે!



For Private And Personal Use Only

થાકથી અને મારની સખત પીડાથી પીડાતો ધર્મરુચિ તો આ સાંભળતાં જ કંપવા લાગ્યો. પણ એનાં મોં પરના ભાવોમાં લેશ પણ પરિવર્તન ન આવ્યું. દઢપણે જામી પડેલી દઢતાની રેખાઓ દયામણી તો ન જ બની.

ચાબુક આવ્યો. હવામાં સન્ન કરતો વીંઝાયો. હમણાં પડયો કે પડશે એ વિચારે ધર્મરુચિ આંખો મીંચી ગયો. એ જોઇને રાજાએ પૂછયું: બોલ છોકરા! હજી બચવું હોય તો કહ્યું કરવા તૈયાર થઇ જાય ને જીવહત્યા કરવાની હા ભણી દે, તો તને છોડી મૂકું.

પણ, ધર્મરુચિ અડગ રહ્યો. રે! 'પ્રાણ જાય પણ પ્રતિજ્ઞા ન તૂટે' એ ઉક્તિ આવાં દઢાત્મ્યથી જીવનનું સારદોહન જ હશે ને?

રાજાએ એની પ્રતિભાને નાણવાનો છેલ્લો અને ભીષણ પ્રયાસ કરવાનો નિર્ણય કર્યો. એણે મદોન્મત્ત હાથી મંગાવ્યો. ધર્મરુચિની સામે એને ખડો કરાવીને એણે પૂછયું: છોકરા! હજી કહું છું કે માની જા. નહિ તો આ હાથીનો એક પગ, અને તારો કચ્ચરઘાણ વળી જશે.

ધર્મરુચિને લાગ્યું કે રાજા સાચેસાચ મારો વધ કરાવશે જ. એને થયું: 'ઓહો! લીધેલાં વ્રતનાં પાલન માટે મારે મરવાનું આવે, એનાથી રૂડું શું?' અને એ ટટાર થઇ ગયો. એન મોં પર અનેરી દીપ્તિ પ્રસરી ગઇ. એનો થાક, એની પીડા, બધું જ જાણે ઓસરી ગયું. પોતાની તેજનીતરતી આંખો રાજાનાં મોં સામે નોંધીને એ બોલ્યો:

"મહારાજ! જો મારાં મરણથી અનેક પ્રાણીઓને જીવતદાન મળતું હોય, તો હું એક મરી જાઉં. એ મને વધુ ગમશે કેમ કે 'બધાં જીવો જીવન ઇચ્છે છે, મરણ નહિં', એ સત્યને અત્યારે યાદ કરૂં છું તો મને લાગે છે કે અત્યારે તમે મને મારી નંખાવવા તૈયાર થયા છો ત્યારે -મને કેટલી વેદના થાય છે! મરણનાં આતંકથી હું કેટલો બધો થરથરું છું! મને કેટલો ભય લાગે છે મરવાનો! તો જે મારી ઉપર આવી પડે તે મને નથી ગમતું, તે મારાથી નથી ખમાતું, એ મરણનો અત્યાચાર બિચારાં નિર્દોષ પંખીઓ ઉપર આપણે આચરીએ, હું આચરું, તો એ જીવોને શી શી વેદના નહિ થતી હોય? એમના પર એ વખતે શું શું નહિ વીતતું હોય? અને હું તો તમને ફરિયાદ પણ કરી શકું એમ છું, એ મૂંગા જીવો કોને જઇને કહેવાનાં?

અને રાજન્! જે આપણને નથી ગમતું, તે મરણ, આપણાં જીવનને ખાતર, આપણું પેટ ભરવાને ખાતર, મૂંગાં પંખીઓને આપણે આપીએ, એ કરતાં તો આપણે આપણું જીવતર ત્યજી દેવું વધુ શ્રેષ્ઠ છે, બહેતર છે.

માટે મહારાજ! મને ક્ષમા કરજો. હું કોઈ પણ રીતે મરવા તૈયાર છું. તમારા માણસોને હાથી છૂટો મૂકવાની આજ્ઞા બેધડક આપો, જય અરિહંત!"

ધીમાં પણ ખુમારી ભર્યાં સ્વરે આ વચનો બોલીને ધર્મરુચિએ તરત જ આંખો મીંચી દીધી.

શ્રોતાજનો ચિંતાતુર બની ગયા હતા. શું થશે? આવાં અડગ વ્રતપાલકનો પણ નાશ થશે? ધર્મ એનું રક્ષણ નહિ કરે? એવાં પ્રશ્નો સૌનાં હૃદયમાં ઊઠવા માંડયાં. સભાખંડમાં ભારે ઉત્તેજના વ્યાપી ચૂકી હતી. તો આચાર્ય મહારાજ પણ વિભોર બનીને વાણી વાટે હૃદયની ઊર્મિઓને જ જાણે ઠાલવી રહ્યાં હતાં:

"પણ........પણ આ શું?

ધર્મરુચિ તો મરણની રાહ જોતો નવકારનાં ધ્યાનમાં લીન બનીને ઊભો છે. અનુચરોના શ્વાસ પણ અદ્ધર થઇ ગયાં છે. રાજાની છેલ્લી આજ્ઞા સાંભળવા એ એકકાન બનીને ખડાં છે. ત્યાં જ રાજાનો શાંત આક્રોશ સૌના કાને પડયો: અનુચરો હાથીને પાછો લઈ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાવ. અને આ કિશોરને મારાં સ્નાનાગારમાં લઇ જઇને એને લક્ષપાક તેલનું માલિશ કરવા પૂર્વક ન્હવરાવી, નવા ઉત્તમ વસ્ત્રો પહેરાવો પછી એને રાજના રસોડે ભાવતાં ભોજન જમાડીને મારી પાસે લઇ આવો, અને રસોયાને કહી કહી દો કે આ છોકરો હવે મારી પાસે રહેશે.

એમ જ થયું. ધર્મરુચિના અખૂટ આશ્ચર્ય વચ્ચે સેવકોએ એની એક રાજકુમાર જેવી પરિચર્યા કરીને મોડી બપોરે એને રાજા પાસે હાજર કર્યો, ત્યારે રાજાએ પિતા જેવાં હેતથી એને પોતાની પડખે બેસાડયો અને કહ્યું: કુમાર! આજથી તને મારો અંગત અંગરક્ષક નીમું છું. અને મારાં વિશાળ રાજ્યનાં, તને પસંદ પડે તે, એક પ્રાંતનો તને અધિપતિ જાહેર કરૂ છું.

એ પણ, ધર્મરુચિનાં જીવનની રોમાંચક પળ હતી. દૃઢ વ્રત પાલનનાં પરિણામના સાક્ષાત્કારની એ પળ હતી,

એ સુખદ પરિણામ, એણે જીવનભર ભોગવ્યું. મન ભરીને ભોગવ્યું. પોતાના પિતા-માતા અને પરિવારને તેડાવી લઇ, સાથે રહીને ભોગવ્યું.

રાજાની અંગરક્ષાનું કાર્ય પણ અણે દિલ દઇને બજાવ્યું. રે! જે, મૂંગાં પંખીઓની ખાતર પોતાનો જાન આપવા તૈયાર હોય, એ માણસ, લાખોના પાલનહારા રાજાની અંગરક્ષા કરવામાં શેં કમીના રાખે?

પણ, આ સુખચેનમાં પણ, ધર્મરુચિએ પોતાનાં વ્રતનિયમો અને સંસ્કારો ન વીસાર્યાં. બલ્કે, એ તો એ બાબતમાં પણ ઉત્તરોત્તર આગળ જ વધતો રહ્યો, અને એ વૃદ્ધિનાં જ ફળસ્વરૂપે, જિંદગીનાં ઉત્તરાર્ધમાં, એણે સંસારનો ત્યાગ કરી, દીક્ષા લઇને આત્માને કલ્યાણની પરાકાષ્ઠાએ પહોંચાડયો, અને એ રીતે પોતાને મળેલાં સુખ અને સંસ્કારોના સુયોગની એણે સાર્થકતા સાધી."

પ્રવચનને સંકેલી લેતાં આચાર્ય મહારાજે ફરમાવ્યું : માટે જ પ્રારંભમાં મેં કહ્યું હતું કે સુખ અને સુસંસ્કારોનો સુયોગ તો ધર્મરુચિ જેવા કોઇક ધન્યને જ સાંપડે છે. રે! સુખ તો પરાધીન છે. સ્વાધીન તો સંસ્કારો છે. જે જીવનને ઉમદા સંસ્કારોનો ઢોળ નથી ચડયો એ જીવનને કટાઇ જતાં વાર નથી લાગતી. માટે પહેલાં જીવનને સંસ્કારો, પછી સુખ તો વણ માગ્યું દોડયું આવશે ને તમારાં ચરણોમાં આળોટશે."

ઘડિયાલનાં કાંટા સાથે તાલ મિલાવતો આચાર્ય મહારાજનો પ્રભાવપૂર્ણ વાણી પ્રવાહ બંધ પડી, ત્યારે સભાખંડ, 'જિનશાસનના જયનાદ'થી અને શ્રોતાઓનાં હૃદય, ધર્મરુચિ પ્રત્યે ધન્યવાદથી ગાજી રહ્યાં

# ગિરિરાજમાં મત્સ્ય ઉદ્યોગ

શત્રુંજય ગિરિરાજ જૈનોનું મહાતીર્થ છે. શત્રુંજય નદી જૈનો માટે, હિન્દુને ગંગા નદી પવિત્ર હોય છે તેમ જૈનોને પરમ પવિત્ર પૂજ્ય ગણી તેમાં સ્નાન કરી પાવન થાય છે. એ અંગે વિગતવાર હેવાલને સખ્ત શબ્દોમાં તે વિસ્તારમાં મત્સ્ય ઉદ્યોગ શરૂ કરવા સામે દરેક જૈન સંઘો, સંસ્થાઓ, ને ઉપાશ્રયો પ. પૂ. આ. ભ. ને વિરોધ કરવા જૈન કોન્ફરન્સના પ્રમુખ શ્રી દીપચંદ એસ. ગાર્ડિએ અનુરોધ કરેલ છે.

શેત્રુંજય ગિરિરાજ જૈનોનું મહાતિર્થ છે.

શેત્રુંજય નદિ જૈનો માટે પવિત્ર ગણાય છે. તેમજ જૈનો શેત્રુંજય નદીને પવિત્ર ગણી તેમાં સ્નાન કરીને શેત્રુંજય પર્વત ઉપર ભગવાન શ્રી આદીનાથ ભગવાનની પૂજા-દર્શન કરવા જાય છે.તે વિસ્તારમાં મત્સ્ય ઉદ્યોગ કરવાના સરકારના નિર્ણયનો શ્રી જૈન આત્માનંદ સભા સખ્ત વિરોધ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉત્કૃષ્ટ ભાવના

• ચિંતક પૂ. આ. શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ૦

ખાતાં પીતાં ઊઠતાં બેસતાં,
તુજ નામ મંત્ર હૃદયે વસજો,
શ્વાસે શ્વાસે રોમે રોમે,
મુજ અંતર ભીંતે રહેજો,
ક્ષણ ક્ષણ સમરું પળ પળ સમરું,
એક તાન આવી મળજો,
અષ્ટ કર્મનો અંત જ થાઓ,
એવી આશા મુજ ફળજો !

**અર્થ :–** હે દેવાધિદેવ, શ્રી અરિહંત પરમાત્મા ! ખાતાં-પીતાં ઊઠતાં બેસતાં આપના નામ રૂપી મંત્ર મારા હૃદયમાં રહેજો, મારો એકે એક શ્વાસ આપના નામ વડે પલળજો. મારા રોમે રોમે આપના નામનો ગૂંજારવ રહેજો મારા હૃદયની દીવાલ પર આપનું નામ ઝળહળજો. ક્ષણે ક્ષણે, પળે-પળે હું આપનું સ્મરણ કરું છું, એક આપના નામ સ્મરણમાં લયલીન છું તો આપ આવી મળજો કે જેથી મારો આત્મા આઠે કર્મોથી મુક્ત થઈને અવ્યાબાધ સુખનો સ્વામી બને. મારી આ આશા આપના નામ મંત્રના પ્રભાવે ફળજો.

**સંવેદન :–** શ્રી જિન શાસનના આરાધક મહાન આત્માઓની પુરૂષણામાં જળવાઇ રહેલી એકવાકયતા જોઈને ગદ્ગદ્ બની જવાય છે, જે વાત શ્રી માનતુંગસૂરિએ શ્રી ભક્તામર સ્તોત્રની ૪૨ મી ગાથામાં કહી છે. તે જ વાત શ્રી હર્ષવિજયજીએ આ ભક્તિ-સ્તોત્રમાં કહી છે.

આ ભક્તિ સ્તોત્રમાં અજપ.જપની પ્રભા છે. અરિહંત અરિહંત સમરતાં જ્યારે તે નામ અસ્થિમજ્જાવત્ બને છે. ત્યારે અજપાજપની કક્ષા આવે છે.

અરિહંત અરિહંત સમરવાની રઢ લાગે છે, જ્યારે માનવીને ભવસ્થિતિ ખરેખર દુ:ખદ લાગે છે. અહીંનુ કોઇ પણ સુખ-ઠગારું, ક્ષણિક તેમ જ પરાધીન છે, એમ લાગે છે.

આવી શ્રદ્ધા પણ આત્મા ઓળખાય છે ત્યારે જન્મે છે.

આત્માની ઓળખાણ શ્રી અરિહંતને ઓળખવાથી થાય છે.

એટલે અરિહંત નામના જાપનો પ્રારંભ આપણે એકડો ઘુંટતા બાળકની જેમ કરવાનો છે.

આગમોમાં એકડાના સ્થાને આત્મા છે. આત્માને આવું અજોડ સ્થાન શ્રી અરિહંત પરમાત્માએ આપ્યું છે. માટે ખાતાં-પીતાં, ઉઠતા-બેસતાં, શ્વાસ લેતા અને મૂકતાં પણ વિવેકી આત્માઓ અરિહંતનુ સ્મરણ કરે છે. તેથી શ્રી અરિહંત આપણા પ્રિયતમ છે. એ સત્ય કાળક્રમે અસ્થિમજ્જાવત્ બને છે

નામમાં શું રાખ્યું છે એવો પ્રશ્ન કરનારા ભાઈઓ એક સવારે શ્રી ગૌતમસ્વામીજીનું નામ લઇને નિત્ય કર્મનો પ્રારંભ કરે અને તેનું પરિણામ જુએ. બીજી સવારે મમ્મણનું નામ લઇને નિત્ય કર્મનો પ્રારંભ કરે અને તેનું પરિણામ જુએ.

આમ કરવાથી પણ તેમને નામ મંત્રના પ્રભાવનો અનુભવ થઈ જશે.

અરિહંત પદનો જાપ આત્મામાં અરિહંતભાવ જગાડે છે. હું અરિહંત છું, એ નિશ્ચયમાં મનને સ્થિર કરે છે, તુચ્છ વિચારોને મન આપવાથી અશુભ વૃત્તિનો નાશ કરે છે.

એક અરિહંત નામના પદમાં સર્વ કાળના સર્વ શ્રી તીર્થંકર ભગવંતો આવી જાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમનાં સઘળાં સત્કર્મો આવી જાય છે. તેમનું સર્વ શ્રેષ્ઠત્વ આવી જાય છે. અને તેનો લાભ ભાવથી અરિહંત-સ્મરણ કરનારને અધિક મળે છે. તેમ જ ભાવ વગર કરનારને પણ પ્રમાણસર મળે જ છે.

નિબિડ રાગનો ક્ષય કરવામાં 'અરિહંત' નામ ત્રિભુવનમાં અજોડ છે તેનો જાત અનુભવ કોઈ પણ માનવી તે પદનો જાપ કરીને મેળવી શકે છે.

પણ આંખમાં પેસી ગયેલું તણખલું જેમ ખટકે છે, તેમ જેમને ભવવાસ સતત ખટકયાં કરે છે તેઓ જ સાચા ભાવથી અરિહંતનું સ્મરણ કરી શકે છે. બીજા સ્મરણ કરે છે, તે પ્રાયઃ ઔપચારિક હોય છે, તો પણ શાસ્ત્રે તેને નકાર્યું નથી, તે એમ સૂચવે છે કે ગમે તે આશયથી પણ આત્મા શ્રી અરિહંત તરફ વળે તે તેના સર્વોચ્ચ હિતમાં છે તે વાતને શાસ્ત્રો પણ મંજૂર રાખે છે.

એટલે જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે જ્યાં શ્વાસ લઈ શકાય ત્યાં શ્રી અરિહંતનો જાપ કરી શકાય. વળી એમ પણ કહે છે કે જેટલા શ્વાસ શ્રી અરિહંતના જાપમાં લેવાય છે, તે જ સાર્થક છે.

જ્યાં ચિત્તશુદ્ધિ છે ત્યાં મંગળ છે.

માટે રાગરહિત ચિત્તમાં મુક્તિનો આસ્વાદ અનુભવવા મળે છે.

આવી રાગરહિત અવસ્થાવાળા શ્રી પંચ-પરમેષ્ઠિ ભગવંતોમાં શ્રી અરિહંત પરમાત્મા મોખરે છે, એટલે તેમનું સ્મરણ નિયમા મંગળકારી નીવડે છે. સર્વ વિઘ્નહારી નીવડે છે. કલ્યાણકારી નીવડે છે.

અરિહંત-પદાર્થના આ સ્વભાવનો લાભ તેનું સેવન, સ્મરણ, પૂજન-મનન ધ્યાન કરનારને પોતાની રુચિ અનુસાર મળે છે

આવા પરમ સમર્થ પરમાત્માનું સ્મરણ કરવાથી સ્વ નામ સુદ્ધાનું વિસ્મરણ થાય છે. એટલે માન-કષાયનો નાશ થાય છે. અને તેની સાથે બીજા કષાયો પણ કમજોર પડે છે.

એટલે શ્રી અરિહંતના ચારે નિક્ષેપા જગતના જીવોને તારનારા ઠર્યા છે. કાળ પણ તેના ઉપર અસર પાડી શકતો નથી.

માટે હું અરિહંતની ભક્તિ કરતાં અધો-અધો બની જાઉં છું, પાગલ જેવા બની જાઉં છું. અરિહંતમાં ખોવાઈ જાઉં છું. મારા મનના સર્વ પ્રદેશોમાં અરિહંત ભાવનું સામ્રાજ્ય સ્થપાય એ જ એક ઝંખના મારા હૈયામાં છે. મારે જોઈતું કશું નથી પણ 'હું' ને ત્યાગીને અરિહંતને પામવા છે.

એટલે પૂર્ણ એવા શ્રી અરિહંત પરમાત્મા મારા પ્રિયતમ છે. એ સૂત્ર મેં મારા હૃદયની દિવાલ પર લખી દીધું છે. અને જ્યારે અહં ઉછાળો મારે છે ત્યારે તે સૂત્રનો સહારો મને અપાર સહાયક બને છે.

અર્ધી રાતે કોઈ મારું નામ લઈને મને બોલાવે તો હું ન બોલું. પણ અરિહંત એટલું બોલીને બોલાવે તો તરત ઊઠીને દ્વાર ખોલું. એવી અભેદ-ભક્તિની મને ઉત્કટ તમન્ના છે.

આત્મા એનો ઉપયોગ કદીયે છોડતો નથી. તેમ મારું મન પણ શ્રી અરિહંતના ઉપયોગમાં રહે. એવી ઉચ્ચ અવસ્થા મારે પ્રાપ્ત કરવી છે.

મને ભજવા માટે શ્રી અરિહંત જેવા પરમ પુરુષ મળ્યા છે. તે જ મારે મન ઘણી મોટી વાત છે. તેથી રાગને લાત મારીને વીતરાગતાને ભજવાની મારી ખુમારી જીવે છે. સંસાર-સાગર મને ખાબોચિયા જેવો લાગે છે.

મારો પ્રત્યેક સમય શ્રી અરિહંત ભાવ વડે ભીંજાઈ જાય અને મારી સાતે ધાતુ અને સાડા ત્રણ કરોડ રૂંવાડામાં ત્રિભુવન ક્ષેમંકર વાત્સલ્યનો વાસ થાય એવી સરસ જીંદગી જીવવાની મારી ભાવના અરિહંત ભક્તિના પ્રભાવે સફળ થશે તેમાં કોઈ શક નથી.

માટે વિનવું છું કે સર્વને શ્રી અરિહંતને જીવન સમર્પિત કરવાના મનોરથ કેળવવા માટે!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "સ્યાદ્વાદ"

## "જૈન ધર્મની જગતને એક મહાન ભેટ"

લે. હરેશ અ. જોશી

**ભા**રતીય દર્શનોમાં જૈન દર્શન પોતાનું આગવું અસ્તિત્વ ધરાવે છે. પદાર્થથી જાતિને અવ્યવસિત કરવાની તેની પદ્ધતિ અન્ય દર્શનોથી ભિન્ન છે. આ દર્શને રૂઢ પક્ષનો સ્વીકાર કર્યો છે. એટલે કે તે માત્ર તરંગો અને કલ્પિતમાં રાચ્યું નથી.

સપ્તભંગી ન્યાય એટલે કે સ્યાદ્વાદ કે અનેકાન્તવાદ. એ જૈન દર્શનની વિશ્વને એક મૌલિક, ભેટ છે.

સામાન્યત : દર્શનોમાં બે વિચારો કે મતો કે દૃષ્ટિ પ્રચલિત હતી. (૧) સામાન્ય ગામિની, (૨) વિશેષ ગામિની. પહેલી સામાન્ય ગામિની દૃષ્ટિ સમાનતાનાં આધારે વિશ્વને અદ્વૈતનું જ્ઞાન કરાવે છે. જ્યારે બીજી વિશેષ ગામિની દૃષ્ટિ અસમાનતાઓને આધારે અંતે એવી ભૂમિકા પર લોકોને પહોંચાડે છે કે વિશ્વ એક બીજાથી અત્યંત ભિન્ન છે ભેદોથી યુક્ત છે એવું આ દૃષ્ટિ સમજાવે છે. આ બંને પરસ્પરથી ખૂબ જ વિરોધી અને એકબીજાની દુશ્મન એવી વિચારધારાઓ વચ્ચે સમન્વય સાધવા આ બંને વિચારધારાની વચ્ચેની એવી આ સ્યાદ્વાદની-સપ્તભંગી ન્યાયની-અનેકાન્તવાદની વિચારધારા જૈન દર્શનમાં અસ્તિત્વમાં આવી. આ અનેકાન્તની દૃષ્ટિ અનિર્વચનીયત્વ અને નિર્વચનીયત્વની પારસ્પરિક ટક્કરને અટકાવે છે. સામાન્ય રીતે બધાં જ દર્શનો "જ" કાર મૂકીને જ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં હોય છે. જ્યારે અહીં સ્યાદ્વાદમાં "પણ"નો પ્રયોગ કરવામાં આવે છે. ઉદા- "ખુરશી લાકડાની પણ હોય અને લોખંડની પણ હોય". જો કોઈ વ્યક્તિ સત્યની શોધમાં "જ" કાર લઇને નીકળે તો કદાચ તે સત્યને ન પામી શકે. અથવા તો એક પક્ષીય સત્ય પામે. પણ જો સ્યાદ્વાદની સર્વતોગ્રાહી દૃષ્ટિ ગ્રહણ કરે તો સત્ય પામવામાં તે જરૂર સફળ થઇ શકે, આમ જૈન દર્શને વિશ્વને સપ્તભંગી-ન્યાય રૂપી મહામૂલ્યવાન મણિ આપ્યો છે.

હવે આપણે જોઇએ કે સ્યાદ્વાદ એ છે શું ?

"एकस्मिन वस्तुनि विरुद्धनानाधर्माश्रयः स्याद्वादः ।" આ સ્યાદ્વાદમાં સાત શકયતાઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જે આ પ્રમાણે છે. (૧) स्यात् अस्ति. (૨) स्यात् नास्ति. (૩) स्यात् अस्ति च नास्ति च (૪) स्याद् अवक्तव्यः (૫) स्याद् अस्ति च अवक्तव्यः (૬) स्यात् नास्ति च अवक्तव्यः (૭) स्यात् अस्ति च नास्ति च अलक्तव्यः આમ વસ્તુનું ભિન્ન ભિન્ન દૃષ્ટિ બિંદુથી અવલોકન કરવુ તે સ્યાદ્વાદ છે.

આ સ્યાદ્વાદને અનેકાન્તવાદ પણ કહેવામાં આવે છે. કારણ કે स्यात् શબ્દનો અર્થ=અમૂક અપેક્ષાએ-એવો થાય છે. અને તે અનેકાન્ત સૂચક અવ્યય છે.

સ્યાદ્વાદના સંબંધમાં શ્રી આનંદશંકર ધ્રુવ કહે છે કે, સ્યાદ્વાદ એ સંશયવાદ નથી પણ વસ્તુના દર્શનની વ્યાપક કળા શિખવતો વાદ છે.

પૂજ્ય યશોવિજયજી મહારાજ અધ્યાત્મોપનિષદ્‌માં જણાવે છે કે :



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"ब्रुवाणा भिन्न भिन्नार्थान्ः नयभेदव्यपेक्षया।
प्रतिक्षिपेयुर्नो वेदाः स्याद्वादम् सार्वतां-
त्रिकम् ॥"

એ પરસ્પર વિરોધી વિચાર પ્રવાહવાળા દર્શનોનો સમન્વય બતાવવાની દૃષ્ટિથી તેમાં રહેલાં વિષયો ભાવ અને અભાવાત્મક બંને અંશો લઈને તેની ઉપર જે સંભવિત વાકય વિચાર કરવામાં આવે તે સપ્તભંગી ન્યાય છે. આ સપ્તભંગી ન્યાયનો આધાર નયવાદ છે. અને તેનું ધ્યેય અનેકાન્તની કોટીનું વ્યાપક દર્શન કરાવવું તે છે.

ભિન્ન ભિન્ન સંભાવનાઓનું એક જ વસ્તુ સંબંધમાં પ્રતિપાદન કરવું અને તે જણાવનાર સંભવનો બોધક શબ્દ "સ્યાત્" વાપરવો તેને સ્યાદ્વાદ કહે છે.

સ્યાદ્વાદ ખરેખર તો અનિશ્ચિત સ્થિતિ ઉત્પન્ન કરતો નથી પણ નિશ્ચિત સ્થિતિનાં વધુ દૃષ્ટિકોણોનો વિસ્તાર કરે છે. આ મુદ્દો સમજવા જેવો છે. એક વસ્તુ માટે એક જ પ્રકારનો દૃષ્ટિકોણ કદી ન હોઈ શકે. જ્યાં આવા એકજ પ્રકારનાં દૃષ્ટિકોણ માટે યત્ન થયો હોય ત્યાં જોહુકમી ભર્યો અત્યાચાર થયો કહેવાય. જેમકે "આ જ સાચુ" "આટલું જ સાચુ" વગેરે નિશ્ચિત વાકયો સમાજના ગળા નીચે ઉતરાવી દેવામાં આવે ત્યારે સાચા અર્થમાં સત્યની સ્થાપના નહી પણ રૂઢિગત માન્યતાની સ્થાપના કરવામાં આવતી હોય છે. સ્યાદ્વાદ રૂપી મણિ આવી સંકિર્ણતામાંથી બચવામાં માનવ જાતને પ્રકાશ આપે છે.

એક જ વ્યક્તિ કોઈની દૃષ્ટિએ ખરાબ હોય, કોઈની દૃષ્ટિએ સારી પણ હોય અને ત્રીજી વ્યક્તિ માટે ખરાબ અને સારી બંને હોય શકે. ચોથા વ્યક્તિ માટે અકથનીય હોઇ શકે. આમ એક જ વ્યક્તિમાં પરસ્પર વિરોધી ધર્મો હોઇ શકે અને તે માત્ર કાલ્પનિક નહીં પણ વાસ્તવિક પણ હોઈ શકે.

મહાન વૈજ્ઞાનિક આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ એ સ્યાદ્વાદની જ આવૃત્તિ છે એમ કહી શકાય એટલો તે બંને વાદ વચ્ચે સંબંધ છે.

સ્યાદ્વાદ જૈન દર્શનની ઇમારતનાં સ્તંભરૂપ "અહિંસા"ના મુખ્ય આચારને સબળ સમર્થન સમર્પે છે. કારણ કે "જ" કાર કલહ જન્માવે છે. "જ" કારને કારણે જ વ્યક્તિ વ્યક્તિ વચ્ચે સ્વામી-સેવકનો સંબંધ સ્થપાય છે. "જ" કારનો ત્રાસ અનુભવનાર વ્યક્તિ સહિષ્ણુ હોતી નથી. પરિણામે પરમતનું ખંડન, અનાદર, કે તિરસ્કાર એ જ તેનો ધર્મ બની રહે છે. લાદવામાં આવેલી કોઇ પણ વસ્તુ કલહ ઉત્પન્ન કરે છે. લાદવામાં આવેલ ધર્મ, ધર્મત્રાસ કે ધર્મકલહનાં રૂપમાં પરિવર્તિત થઇ જાય છે અને હિંસાનું સામ્રાજ્ય સર્જાય છે પણ જો વ્યક્તિ "જ" કાર ને બદલે "પણ" પ્રયોજે તો આ બધાં દોષો નષ્ટ થઈ જાય અને અહિંસાનું અસ્તિત્વ જોખમાતું નથી.

આમ સ્યાદ્વાદ એ જૈન દર્શનની સમગ્ર જગતને સૌથી મૂલ્યવાન ભેટ છે. × ×

નહીં સંભાલા કેમેરેકો
ધૂલ જમ ગઈ લેન્સ પર
ડેવ્હલપ પ્રિન્ટ કા દોષ નહીં
ધબ્બે આયે ફોટો પર.

નર તન તો નિશ્ચિત અમોલ હૈ
પર મન ડૂબા કષાય મેં
દૂર ન કરે જો કષાય ધૂલકો
તો જીતી બાજી હાર મેં.

**મોતીલાલ સૂરાના**

'શ્રમણ' માંથી સાભાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'ધર્મલાભ'

## સુલસાને જ શા માટે?

લેખક : બળવંતરાય પી. મહેતા (ભાવનગર)

**શા**સ્ત્રોક્ત અને પૌરાણિક કથાના દર્પણમાં એક સત્યનું પ્રતિબિંબ પડયું છે અને તે એ કે જ્યાં જ્યાં નિષ્કામ ભક્તિના દીપકો પ્રકાશિત થયા છે ત્યાં ત્યાં ભગવાનને ખુદને જવું પડયું છે. દાખલા તરીકે શબરીના બોરને આસ્વાદવા ભગવાન રામનું શબરી આશ્રમ મઢુલી જવું, શ્રુતદેવ અને વિદુરજી પાસે ભગવાન શ્રી કૃષ્ણનું જવું તથા સહજાનંદી મીરા અમૃતબાઈ પાસે ભગવાન સ્વામીનારાયણનું જવું.

જ્યારે ભક્ત સુદામાની ભક્તિ સકામ ભક્તિની કક્ષામાં આવતી હતી. કારણ કે ભગવાન શ્રી કૃષ્ણની મદદ લેવી કે ન લેવી તે અંગે તેઓ દ્વિધા અનુભવત હતા. પરિણામે સકામ ભક્તિના આ યાત્રિકને ભગવાન પાસે જવું પડયું હતું

હા. મહાન ઉપાસિકા ચંદનબાળાના બાકળાં વહોરવા ભગવાન મહાવીર તેમના પાલક પિતાના ઘેર ગયા હતા. તો સતિ સુલસાને તેઓ જ્યારે ચંપાપુરી મધ્યે સ્થિરતા કરતા હતા ત્યારે રાજગૃહી જતા રથિક અંબડ દ્વારા 'ધર્મલાભ' કહેવડાવ્યાં હતા. શ્રાવિકા સુલસા. એક સામાન્ય નારી હતી. અને રાજગૃહીના નાગરથિકની એ ધમપત્ની હતી, કોઈ મોટું દાન કરી શકે તેવું આથિક સદ્ધરતાનું વિશ્વ એની પાસે ન હતું. એનું કુલગૌત્ર કોઇ રાજા, મહારાજા, શેઠ, અમાત્ય, રાજપુરોહિત, રાજસેનાપતિ કે અમીર પરિવાર સાથે સંકળાયેલું ન હતું. ન તો કોઈ પાંડિત્યપૂર્ણ જીવનનો પ્રકાશ એના જીવનને અજવાળતો હતો અને ન કોઇ અન્ય પ્રતિભાના સુવર્ણથી એનું જીવન રત્ન ઝળહળતું હતું. પણ આમ હોવા છતાં ભગવાન મહાવીરે ખુદે એને 'ધર્મલાભ' પાઠવ્યાં હતા. એથી એ સંદેશ લઇ જતાં અંબડને પણ નવાઇ લાગતી હતી.

ધર્મલાભના પ્રભાવની ઓળખ અને પરખ અંને રથીઅંબડ ધરાવતો હતો. તો પણ એક સામાન્ય નારીને એક અસામાન્ય ભગવાને કહેવરાવેલાં 'ધર્મલાભ' એને માટે ભારે કૌતુકનો વિષય બન્યા હતા. અંબડની નિંદ્રા, તંદ્રા અને અર્ધ-જાગૃતિ વધતાં જતાં હતા. જાગૃતિથી નજીક આવીને જોવા છતાં આ બનાવ એને સમજાતો ન હતો એની પાસે માહિતીની આંખ હતી પણ સત્યને સમજવાની દૃષ્ટિ ન હતી. એટલેજ એ સતી સુલસાને સમજવામાં ગોથાં ખાતો હતો.

સતી સુલસાની શક્તિનું માપ કાઢવા ચંચળ અંબડે (૧) મુનિવેશ (૨) બ્રહ્માનો વેશ (૩) કૃષ્ણ કનૈયાનો વેશ (૪) વિશ્વના સર્જનહારનો વેશ, પચીસમા તીર્થંકરનો વેશ અનુક્રમે ધારણ કરીને સતી સુલસાના ધ્યાનને પોતાના તરફ કેન્દ્રિત કરવા મથામણ કરી. પણ આમ છતાં શ્રાવિકા સુલસાએ એને કોઇ દાદ ન આપી.

આ પછી એને સમજાયું કે એના મુનિવેશ ધારી આચરણની એક ભૂલ શ્રાવિકા સુલસાની શ્રદ્ધાની આંખે પકડી પાડી હતી. સતી સુલસાનું શ્રદ્ધાનું પાત્ર અખૂટ હતું. તે કર્મફળમાં માનતી હતી એટલે કોઇ દેવ/દેવીના દર્શન કરવાની એને જરૂર ન જણાઇ. ચોવીસમાં તીર્થંકર મહાવીર એ છેલ્લા તીર્થંકર હતા. એટલે પચીસમા તીર્થંકરનું હોવું અસંભવિત હતું. ચંચળતાનાં ચક્કરમાં એ ન ફસાઇ અંતે સામાન્ય સંદેશ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાહક તરીકે એણે સુલસાને ભગવાન મહાવીરનો સંદેશ પાઠવ્યો ત્યારે એક ભાવભરી ભગીની ભાઈનું સ્વાગત કરતી હોય તેમ સુલસાએ રથિક અંબડનું સ્વાગત કર્યું.

ભગવાન મહાવીરે સુલસાને ધર્મલાભ કહેવરાવ્યાં. એની ભીતરતો સુલસાના આચારપ્રધાન ગુણવંત જીવનની સુગંધી હતી. સુલસા પાસે શ્રદ્ધાનું અમૂલ્ય ઝવેરાત હતું. અને અંધશ્રદ્ધાનો ચળકાટ ન હતો. ભદ્રિકતાથી ભર્યોભર્યો એનો વ્યવહાર હતો. એની સ્થાપિત શ્રદ્ધા ચંચળતાનો શિકાર બને તેવી ન હતી.

બીજું કારણ હતું સુલસાનું તપોબળ. વ્રત–પચ્ચક્ખાણ–સાધુ–સત્કાર, અતિથિ સત્કાર અને ભાવભીની ભક્તિ. ભાવભીની ભક્તિમાં એની તલ્લીનતા અપાર હતી. એના રોમે રોમમાં નામજાપની વિદ્યુતનો સંચાર હતો. મહાવીરનું અંખડ ચિંતન અને રટણ એના અંતર મનનો વૈભવ હતો.

ઘણી શ્રાવિકાઓ પાસે શક્તિ હોય છે પણ વિવેકશક્તિ નથી હોતી. જ્યારે સુલસાના માનસમાટે આ બંનેનો સંગમ હતો. પરિણામે આજે આ દેવનો જાપ–કાલે બીજા દેવનો જાપ એવી ચંચળતા એની પાસે ન હતી. ઘણાં બધા આ દેવમાં માને છે એટલે મારે પણ તેમાં માનવું એવા ગાડરિયા પ્રવાહની એ યાત્રિક ન હતી. રાગદ્વેષ ધરાવતાં દેવોની પૂજાની ઘેલછા તેનામાં ન હતી. એ જે કંઇ હતી, એનું અભિમાન એને ન હતું ધર્મ. એને માટે બાહ્ય સાધન ન હતો પણ આંતરિક આચરણ હતો.

આરાધ્ય દેવનું અખંડ ચિંતન કરવાના કારણે એ કદીય છીછરી નો'તી બની. શકય તેટલું અને શક્તિ મુજબનું દાન તે કરતી હતી. પણ જરૂર પડે ઘસારાના મેરૂ શિખર ઉપર બેસવાના હામ એની પાસે હતી. લક્ષપાક તેલ એ મોંઘામાં મોઘું તેલ હતું. પણ બિમાર સાધુ માટે એ વહોરાવવા તુરતજ તત્પર હતી. દેવોએ એની પરીક્ષા લેવા એના લક્ષપાકના ઘડા ઇરાદાપૂર્વક પાડી નાંખ્યાં તો પણ એ નવો ઘડો લઈ આવવામાં ન અચકાઈ. આમ ધીરજના કસોટીકાળમાંથી પણ તે પાર ઉતરી ગઇ.

દેવોએ એને બત્રીસ પુત્રો અવતરે માટે બત્રીસ ગોળીઓ ક્રમશઃ લેવા આપી હતી. પણ એકી સાથે એ ગોળીઓ ખાઇને બત્રીસલક્ષણા પુત્રને જન્મ આપવાની એણે અપેક્ષા રાખી. પરિણામે એકી સાથે બત્રીસ ગર્ભોની ઉદરવેદના એને સહન કરવી પડી. પણ નામજાપ અને દેવોના સહયોગથી સુલસા એમાંથી પણ પાર ઉતરી.

પતિ જે રાજાનો રથી હતો, તેનો જાન બચાવવામાં એના બત્રીસે બત્રીસ પુત્રોના જાન ગયા. અંતર્મુખી બની એણે એ કારમો ઘા ઝીલી લીધો. એક વખતની વંધ્યા, પછી બત્રીસ પુત્રોની જન્મદાત્રી બનેલી અને પછી બત્રીસ પુત્ર વધૂઓની એ સાસુ બની તેના આ રૂપોમાં તેની સહનશક્તિ ચમકતી જ રહી. આ ત્રણેય રૂપો એની વેદના સમજવા પુરતાં છે. સંતાનોને ગુમાવ્યાં પછી એ વધુ અંતર્મુખી બનતી ગઈ. એની ધર્મપ્રત્યેની શ્રદ્ધા દીવડી દીવડીની વાટ મટીને દીપશીખા બની ગઈ.

આવી નારી ગંગા જેણે શ્રદ્ધા, ભદ્રિકતા, દાનશીલતા વિવેકશીલતા. તપ, ત્યાગ. અસામાન્યતા અને સંસ્કારનો અણખૂટ ધારા જીવનમાં હોય તેવી ભીતની જીવનારી વહાલી સતી સુલસાને ભગવાન મહાવીરે 'ધર્મલાભ' કહેવરાવ્યાં એ સમજવા માટે ભક્તિની એક આંખજ પુરતી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • અહંકાર

• લે. શ્રી રતિલાલ માણેકચંદ શાહ નડીઆદ

જ્યારે માનવનો જન્મ થયો, ત્યારે કોઈ શક્તિએ તેને કાનમાં અનેક વાતો કહી દીધી. એ વાતોમાં એક વાત એ હતી કે દુનિયામાં તારા જેવો બીજો કોઈ નથી; તું અદ્વિત છે

અને એ માનવી બધુજ ભૂલી ગયો, માત્ર તે આ વાતને જ ન ભૂલ્યો. એ પોતાને પ્રત્યેક સમયે અને પત્યેક જગ્યાએ અદ્વિતજ માનવા લાગ્યો. પણ એ પોતાની જાતને માત્ર અદ્વિતીય સમજીને ચૂપ રહી જતો ન હતો, એ તો ઉત્કટ ઉત્કંઠા ધરાવતો હતો કે, બીજાઓ પણ તેને અદ્વિતીય જ સમજે.

આથી દુનિયામાં દ્વેષ. લડાઈ, તકરાર. મારામારી વધી પડયાં. જીંદગીનું વહેણ છીછરૂં બની ગયું. માનવી માનવીને ખાવા લાગ્યો, સૌ પોતપોતાની જ વાત કહેવા એક બીજાની સ્પર્ધા કરી રહ્યાં છે, અને એક બીજાને હંફાવી રહ્યા છે. દુનિયામાં આજે જે દાવાનળ સળગ્યાજ કરે છે. જે આગ ઓલવાતીજ નથી, તેનું મૂળ આ અહંકાર, અભિમાન જ છે.

આપણા અહંપણાને આપણે વારંવાર જોયાં કરવાનું છે, એવા 'હું પણાને પરિણામે' જીવ કંઈક કંઇક ને કેવું કેવું મનમાં માની લેતો હોય છે? અમથુ અમથુ જરાક પણ ઘવાતા, તે છાનું બેસી રહેતું નથી. એની ક્રિયા તો શરૂ થઈ જતી હોય છે, અહંતા તે કર્મનુ કાર્ય છે. એની પાછળ કર્મની પ્રેરણા છે, આપણી એવી અહંતા વિલીન થાય એ સાધના માર્ગ માટે અત્યંત આવશ્યક છતાં મુશ્કેલી ભર્યું કાર્ય છે. પરંતુ જે જીવને તે સંદર્ભમાં સાચેસાચ લગની લાગી છે; તે અહમને ઓગાળ્યા સિવાય રહેતો નથી. મતલબ કે, કરી શકાય તેમ છે, આવા પ્રકારના 'હું પણાથી' આપણે મુક્ત થવું જ પડશે. એવું સતત ભાન હોવું ઘટે.

જ્યારે આશાઓ, ઇચ્છાઓ. એશણાઓ, કામનાઓ, તૃષ્ણાઓ વિગેરેનું સ્ફુરણ થતું ભલે દેખાય, પણ ગતિમાન થતું ન અનુભવાય ત્યારે જાણવું કે અહંમ ઓગળી રહ્યો છે. જ્યારે અનેક પ્રકારની અનેક ક્ષેત્રની કામનાઓનો હૃદયથી સંપૂર્ણ ત્યાગ સહજ રીતે થયા કરતો હોય (અનુભવાય) તો જાણવું, સમજવું ને માનવું કે હવે આપણા જીવનમાં ઉત્કૃષ્ટ ભાવના પૂરેપૂરી આવિષ્કાર પામી ચૂકી છે જીવન યજ્ઞની ભાવનામાં કોઇ પણ પ્રકારનાં આશા, ઇચ્છા, તૃષ્ણા, કામના, લોલુપતાદિને સ્થાન જ હોતું નથી.

જીવની ઇચ્છાઓ. કામનાઓ, તૃષ્ણાઓ, લાલસાઓ, લોલુપતાઓ ઢંદ્વની અનેક પ્રકારની વૃત્તિઓ વિગેરે તેના સ્વભાવ પ્રમાણે તેને ઉંચે કે નીચે લઈ જતા હોય છે અહીં 'નીચે' લખ્યું છે તે પણ સમજવા જેવું છે પ્રત્યેક જીવના સ્વભાવ અને કર્મમાં પણ ફરક રહ્યા કરે છે. કોઇ કોઇ જીવની આકાંક્ષાઓ, કામનાઓ, આશાઓ વિગેરે તદ્દન ક્ષુલ્લક અને અનિષ્ટ પ્રકારની હોય છે, તો વળી કોઇક કોઈક જીવ તેના કરતાં સ્હેજ ઊંચી જાતની વૃત્તિની કક્ષાવાળો હોય છે, તો તે પેલા જીવ કરતાં જરાક ઊંચી જાતનો ગણાય ખરો, પણ તે જ્યાં સુધી વિભાવ દશામાંથી સ્વભાવ દશામાં આવતો નથી ત્યાં સુધી સંસાર તેના માટે ઉભોજ રહે છે; જ્યાં સુધી આપણામ સમક્તિ આવિષ્કાર પામે નહિ, ત્યાં સુધી આપણી પ્રત્યેક ક્રિયાઓ સંસાર વૃદ્ધિનું કારણ બને છે પછી ભલે તે ક્રિયા શુભાશુભ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય તે ન ભૂલવું જોઇએ. અજ્ઞાન દશામાં થયેલું કે કરેલું પુણ્ય પણ બંધન છે. પાપ એ લોખંડની બેડી છે (બંધન છે), ત્યારે પુણ્ય એ સુવર્ણની બેડી છે, છે તો બન્ને બંધન જ જેનાથી સંસાર ઉભો રહે છે; તેથી પુણ્ય કે શુભ કામ ન કરવા એમ કહેવાનો હેતુ નથી. પણ ચેતનના ભાવની અપેક્ષાએ સત્ય શું છે તે સમજાવવાનો પ્રયત્ન છે.

જ્યારે જીવ આત્માને જ્ઞાનનો આવિષ્કાર થાય છે, ત્યારે તે જ્ઞાન કંઇ એકલું હોતું નથી જ્ઞાનની સાથે તેની શક્તિ આપોઆપ સ્હજ પણે સંકળાયેલી છે. 'જ્યાં જ્ઞાન છે ત્યાં શક્તિ છે' ત્યાં સર્વવ્યાપી, સર્વગૃહિ ભાવ પણ છે, જ્યાં ભાવ છે ત્યાં પ્રેમ હોય જ, સર્વને મુગ્ધ કરી દે તેવા આત્માની નૈસિર્ગીક સૌંદર્ય કળા પણ એના જીવનમાં પ્રગટેલી અનુભવાય છે. સૌંદયની કળામાં સુમેળ ભાવ, સુસંવાદિતા આદિ ચેતનની ભૂમિકાની કળાઓ તેમાં સર્જન પામેલી હોય છે; જે એક કળા જન્મે એટલે તેની સાથે પરસ્પર સંકળાયેલી એવી શક્તિનાં અનેક પાસનાં ભાવો આપોઆપ પ્રગટયા કરતા હોય છે.

આત્માની અંશે અનુભૂતિ જ્યાં સુધી થતી નથી, ત્યાં સુધી સમક્તિનો આવિષ્કાર પણ થતો નથી (નિશ્ચયે), અને ત્યાં સુધી આધ્યાત્મિક પથ પર આગળ વધી શકાતુ નથી. સ્વસ્વરૂપની અનુભૂતિ થતાં, અને તેમાં રમમાણ રહેતાં અધ્યાત્મ પથ પર પ્રયાણ થઇ શકે છે; સમકિતના પ્રગટીકરણ બાદની પ્રત્યેક ક્રિયા આત્મલક્ષે થતી હોવાથી મુક્તિના કાર્યમાં સહાયભૂત નિવડે છે, સમક્તિના પ્રગટીકરણ માટે પ્રથમ નવ તત્ત્વો, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષને જેમ છે તેમ જાણવા અત્યંત આવશ્યક છે, છ દ્રવ્યો જાણવા જરૂરી છે, અને તે તત્ત્વ જે વીતરાગ પ્રભુએ પ્રરૂપેલ છે, તે પ્રમાણે જ જાણવું, શ્રધવું અને જીવનમાં ઉતારવું એટલે કે જ્ઞાન દર્શન–ચારિત્રનું પ્રગટીકરણ કરવું જોઇએ. અને એ સાધનામાં આગળ વધતા છેવટે પુર્ણતાએ પહોંચાય છે, જો કે તે રસ્તો અતિ વિકટ છે, આગળ જવાય છે, પાછળ પડાય છે પણ જેને તેની લગની લાગી છે, તે તો તે મેળવીને જ રહે છે. જો કે ગુણ ઠાણામાં આગળ વધતા (સાધનામાં) પુણ્ય તો સાથે હોય છે જ પણ સાધકની દૃષ્ટિ તેના પર હોતી નથી; તે તો મોક્ષની દૃષ્ટિએ જ સાધના કરે છે, જેમકે ખેડૂત જે અનાજ વાવે છે, ત્યારે તેની દૃષ્ટિ ડૂંડા પર હોય છે નહીં કે ખડ પર. ખડ તો સ્હેજે તેને પ્રાપ્ય બને છે. આટલું સમજી લેવું જરૂરી છે; દૃષ્ટિ પુણ્ય પર ન હોવાથી તેનું બંધન થતું નથી.

# ગુણાનુવાદ સભા

શાંન્ત નિસ્પૃહી વિજ્ઞાનનાં અજોડ નિષ્ણાત એવા પરમપૂજ્ય પંન્યાસ **અભયસાગર** મહારાજ સાહેબ તા. ૨૯-૧૧ ૮૬ કારતક વદ ૯ને બુધવારે બપોરનાં ઉંઝા મુકામે કાળધર્મ પામ્યા છે.

તેઓશ્રીને શ્રદ્ધાંજલી અર્પણ કરવા એક જાહેર સભા તા. ૩૦-૧૧-૮૬ને રવિવારના રોજ સવારે ૯ ૩૦ કલાકે નૂતન ઉપાશ્રયે પ. પૂ. આ. ભગવંત **વિજય સૂર્યોદય સુરીશ્વરજી મહારાજ સાહેબની** નિશ્રામાં મળેલ હતી. તેમાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા અન્ય મુનિ મહારાજોએ પૂ. અભયસાગરજી મહારાજના જીવનનો પરિચય આપ્યો હતો. તેમજ શ્રીસંઘ વતી સંઘના મંત્રીશ્રી ખાન્તિલાલભાઇએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(અનુસંધાન ટાઈટલ પેજ ૧ નું ચાલુ)

છેલ્લે પૂજ્યશ્રી ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા શ્રી હરિભદ્રસૂરિનો સ્મારક ગ્રંથ તૈયાર કરવા માટે પ્રયત્નશીલ હતા-કિન્તુ તેમની વિદાયથી આ કાર્ય પણ ખોરંભે પડયું છે....પૂજ્યશ્રીના સમુદાય અને શિષ્ય પરિવાર પાસે આપણે આશા રાખીએ કે તેઓની આ અંતિમ ભાવનાને સાકારરૂપ આપે. આ જ એમના માટે સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ બની રહેશે.

તેમની અણધારી અકલ્પ્ય વિદાયથી, સમગ્ર જૈન સંઘની સાથેસાથ અમોએ પણ વેદના અનુભવેલ છે, તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## અનન્ય પ્રતિષ્ઠા મહોત્સવ તથા અનેરો પ્રકાશન–સમારોહ

રાજકોટ નગરમાં શ્રી પ્લોટ શ્વે. મૂ. સંઘ વિસ્તારમાં નૂતન જિનાલયના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે નવાહ્નિકા મહોત્સવ યોજાયેલ. આ પ્રસંગે પૂ. આચાર્યદેવ શ્રી સિદ્ધિસૂરીશ્વરજીના શિષ્ય આચાર્યદેવશ્રી મેઘસૂરીશ્વરજીના શિષ્ય પૂજ્ય મુનિરાજશ્રી ભુવનવિજયજીના શિષ્ય પૂજ્યશ્રી જંબૂવિજયજીની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાયેલ.

આ પ્રસંગે આચાર્ય દેવશ્રી નીતિસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પૂ. આચાર્યદેવશ્રી મંગલપ્રભસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તિ સાધ્વીજીશ્રી લાભશ્રીજી મહારાજના શિષ્યા પૂ. શ્રી મનોહરશ્રીજી મહારાજ તથા તેમના શિષ્યા પૂ. સૂર્યપ્રભાશ્રીજી મહારાજ આદિ ઠાણા ચાર ઉપસ્થિત રહ્યા હતા.

આ નવે દિવસ પૂજા, પ્રભાવના આદિ સંગીતમય કાર્યક્રમો યોજાયા હતા. જનમેદનીએ ખૂબ આનંદ ઉલ્લાસ પૂર્વક આ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

સાથો સાથ નીચેના અમૂલ્ય ગ્રંથોનો પ્રકાશન સમારોહ પણ વિશાળ વિદ્વાન્ સમાજ તેમજ સાધુ સાધ્વીજી મહારાજ સાહેબોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

(૧) ચિરંતનાચાર્ય વિરચિત અને પૂ. આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજીની વ્યાખ્યા સહિત **'પંચસૂત્રકમ્'**

(૨) કલિકાલસર્વજ્ઞ પૂ. આચાર્યશ્રી હેમચન્દ્રસૂરિજી રચિત સ્વોપજ્ઞવૃત્તિ સહિત **'યોગશાસ્ત્ર'** આ બન્ને ગ્રન્થોનું સંશોધન કાર્ય પૂજ્ય મુનિરાજશ્રી **જમ્બૂવિજયજી** મહારાજ સાહેબે ખૂબજ પરિશ્રમ અને ચીવટથી કરેલ છે.

આ બન્ને ગ્રન્થોમાં સટીક પંચસૂત્રકમ્‌નું પ્રકાશન શ્રી ભોગીલાલ લહેરચંદ પ્રાચીન ભારતીય સંસ્થાન દિલ્હી તરફથી થયેલ છે અને 'યોગસાસ્ત્ર'નું પ્રકાશન જૈન સાહિત્ય વિકાસ મંડળ (મુંબઇ) તરફથી થયેલ છે.

(૩) આ ઉપરાંત પ્રો. ડૉ. શ્રી વામન મહાદેવ લિખત અને શ્રી ભો. લ. પ્રાચીન ભારતીય સંસ્થા તરફથી પ્રકાશિત **'રસદર્શન'**.

આ ઉપરાંત શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી પ્રકાશિત થયેલ **(૧) પ્રશમરતિ (૨) શાંતસુધારસ (૩) આનંદઘન ચોવીશી (૪) અધ્યાત્મ કલ્પમદ્રુમ** તથા **(૫) જૈન ગુર્જર કવિઓ ભા. ૧.**

ઉપરોક્ત આઠ ગ્રન્થોનો પ્રકાશન વિધિ શેઠશ્રી શ્રેણિકભાઇ કસ્તૂરભાઇના વરદ હસ્તે સં. ૨૦૪૩ના કાર્તિક શુદી પુર્ણિમા તા. ૧૬-૧૧-૮૬ના રોજ થયેલ. આ સમયે જૈન સંઘના અનેક આગેવાનો તથા વિશાળ જનસમુદાય હાજર હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash ] [Regd. No. G. B. V·31

# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૧૧-૮૬ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાક: પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૪૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૬૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૬૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૦-૦૦ |
| જિનદત આખ્યાન | ૧૦-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૧૮-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૪૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૩૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૦-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૨૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૩૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૦-૦૦ |
| " " ભાગ-૨ | ૪૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંક: પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૫-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૧-૦૦ |
| સુક્ત મુક્તાવલી | ૧-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૨-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૨-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૨-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૫-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૫-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૨-૦૦ |
| નવપદજીની પૂજા | ૫-૦૦ |
| ગુરૂભક્તિ ગંહુલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

તંત્રી શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only